# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-09-2024** **Evening : 7.10 to 7.20**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

- દેશભરમાં 17 સપ્ટેમ્બરથી 2 ઑક્ટોબર સુધી ''સ્વચ્છતા હી સેવા'' પખવાડિયાનું આયોજન કરાશે.
- રાજ્ય સરકારે ખેતીની જમીનના વેચાણના કિસ્સાઓ માટે ડિજીટાઈઝેશન અને પારદર્શી ઑનલાઈન પ્રક્રિયાને વેગ આપવા મહત્વપૂર્ણ નિર્ણય કર્યા.
- રાજ્યમાં વરસાદના કારણે નુકસાનગ્રસ્ત રસ્તાઓનું સમારકામ 15 સપ્ટેમ્બર સુધી પૂર્ણ કરાશે..
- કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવતીકાલે દિલ્હીમાં યોજાનારા ચોથા અખિલ ભારતીય રાજભાષા સંમેલનના ઉદ્ઘાટન સત્રમાં સંબોધન કરશે.
- દહેગામમાં ગણેશ વિસર્જન દરમિયાન નદીમાં ડૂબી જવાથી આઠ લોકોના મોત.
- રાજ્યના બોક્સર સુમિત કુમારની અમેરિકાની અંડર 19 વર્લ્ડ બૉક્સિંગ સ્પર્ધા માટે પસંદગી.

---------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# SWACHHTA HI SEVA PAKHVADIYU

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શરૂ કરેલ ‘‘સ્વચ્છ ભારત મિશન’’ ને આ વર્ષે એક દાયકો પૂર્ણ થાય છે ત્યારે કેન્દ્ર સરકાર દ્વારા સમગ્ર દેશમાં 17મી સપ્ટેમ્બરથી 2 ઓક્ટોબર 2024 સુધી ‘‘સ્વચ્છતા હી સેવા’’ પખવાડિયાનું આયોજન કરાશે. જેની વિષયવસ્તુ- ‘‘સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા’’ છે.

રાજ્યના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું છે કે, આ વર્ષે સ્વચ્છ ભારત મિશનનાં 10 વર્ષની ઉજવણીનાં ભાગરૂપે આગામી બીજી ઓક્ટોબર- ગાંધી જયંતિએ "સ્વચ્છ ભારત દિવસ" તરીકે ઉજવવામાં આવશે.

‘‘સ્વચ્છતા હી સેવા’’ પખવાડિયાની ઉજવણીનાં ભાગરૂપે રાજ્યની તમામ મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓ ઉપરાંત રાજ્યના તમામ વિભાગોમાં લોકભાગીદારી થકી સ્વચ્છતા, સ્વચ્છતા લક્ષીત એકમો સાથે સંપૂર્ણ સ્વચ્છતા અને સફાઈ મિત્ર સુરક્ષા શિબિરો યોજાશે તેમ જ સ્વચ્છતા માટે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરવામાં આવશે.

પ્રવક્તા મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓ વિસ્તારોમાં હાથ ધરાતી સફાઈ કામગીરીને બે ભાગમાં દૈનિક ધોરણે કરવાની રહેશે.

ઉલ્લેખનીય છે કે, આ અભિયાન સંદર્ભે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની મહાનગરપાલિકાના કમિશનરો તથા જિલ્લા કલેક્ટરો સાથે ગઇકાલે ગાંધીનગરથી વીડિયો કૉન્ફરન્સ યોજીને અભિયાનના આયોજનને અપાઈ રહેલા આખરી ઓપની સમીક્ષા કરી હતી.

# GUJ. KHEDUT DECISION

રાજ્ય સરકારે ખેતીની જમીનના વેચાણના કિસ્સાઓ માટે ડિજીટાઈઝેશન અને પારદર્શી ઓનલાઈન પ્રક્રિયાને વેગ આપવા ખેડૂતોના હિતમાં મહત્વપૂર્ણ નિર્ણય કર્યા છે.

ખેતીની જમીનની વેચાણ નોંધ પ્રમાણિત કરવા અંગેના નિર્ણયમાં ખેડૂત ખરાઈની ચકાસણીમાં 6 એપ્રિલ, 1995 પછીના રેકર્ડને જ ધ્યાનમાં લેવાનું રહેશે. એટલું જ નહીં, આવી ખરાઈ કરતી વખતે 6 એપ્રિલ 1995 પહેલાંના સમયે ધારણ કરેલી કોઈ જમીનના કિસ્સામાં અરજદાર જમીન મૂળથી કેવી રીતે ધારણ કરે છે, તેની ચકાસણી કરવાની બાબતો ખેતીની જમીનની હવે પછી વેચાણની નોંધ મંજૂર કરવાના તબક્કે લાગુ પડશે નહીં.

વેચાણ નોંધ પ્રમાણિત કરવા અંગેનો નિર્ણય કરતી વખતે ખેડૂત ખરાઈ પ્રમાણપત્રનો આગ્રહ રાખવાનો રહેશે નહીં.

રાજ્યમાં ખેતીની જમીનના વેચાણના કિસ્સાઓમાં વેચાણ નોંધ હક્કપત્રકમાં દાખલ કરતી વખતે વેચાણ લેનાર ખેડૂત ખાતેદાર પાસેથી 1951-52થી ખેડૂત હોવા અંગે ખેડૂત ખરાઈ પ્રમાણપત્રનો આગ્રહ રાખવાની પ્રથા રાજ્યમાં અમલમાં છે. આ અંગે, કરાયેલી રજૂઆતોને ધ્યાનમાં લઇને રાજ્ય સરકારે નવા નિર્ણયો લીધા છે.

જોકે આવી ખેતીની જમીનની હક્કપત્રકમાં વેચાણ નોંધ દાખલ કરતી વખતે ખેડૂત ખાતેદારે પોતે ખેડૂત ખાતેદાર હોવાનું સોગંદનામુ નિયત નમુનામાં રજૂ કરવાનું રહેશે.  જો કે, બિનખેતી પરવાનગી અંગેની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે.

# HARSH SANGHAVI VALSAD

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે વલસાડ જિલ્લાની મુલાકાત દરમિયાન વિવિધ ગણેશ મંડળમાં પહોંચી દર્શન કર્યા હતા. દરમિયાન તેમણે યુવાનોને માદક પદાર્થના વ્યસનથી દૂર રહેવા અપીલ કરી હતી.

શ્રી સંઘવીએ વધુમાં કહ્યું, વલસાડ સહિત રાજ્યના બિસ્માર રસ્તાઓનું સમારકામ ટૂંક સમયમાં પૂર્ણ કરાશે. તેમ જ વરસાદ બંધ થતાં જ આ તમામ રસ્તાઓનું નવીનીકરણ હાથ ધરાશે.

# ROAD REPAIR WORK

રાજ્યમાં માર્ગ અને મકાન વિભાગ હસ્તકના નુકસાનગ્રસ્ત રસ્તાઓનું સમારકામ 15મી સપ્ટેમ્બર સુધીમાં સંપૂર્ણપણે પૂર્ણ કરાશે. રાજ્યમાં સાર્વત્રિક વરસાદના કારણે રોડ-રસ્તાની સર્જાયેલી પરિસ્થિતિને પૂર્વવત્ કરવા અંગેની વિગતો આપતા રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે આ મુજબ જણાવ્યું હતું.

શ્રી પટેલે કહ્યું કે, રાજ્યમાં 4 હજાર 172 કિલોમીટર લંબાઈના રસ્તાને વરસાદના કારણે નુકસાન પહોંચ્યું હતું. જોકે, આમાંથી 2 હજાર 429 કિલોમીટરના રસ્તાનું સમારકામ પૂર્ણ કરાયું છે અને બાકીના રસ્તાનું સમારકામ આગામી ત્રણ દિવસમાં પૂર્ણ કરાશે.

# AMBAAJI-NAVI ST BUS

ભાદરવી પૂનમના મહામેળાના બીજા દિવસે આજે માઈ ભક્તોનો અવિરત પ્રવાહ યાત્રાધામ અંબાજી ખાતે મા અંબા ના દર્શન માટે ઉમટી રહ્યો છે, ત્યારે યાત્રાળુઓની સેવામાં ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમ દ્વારા 1 હજાર 250 જેટલી ખાસ બસો મુકવામાં આવી છે. તો અંબાજીથી ગબ્બર સુધીની એસટી સેવાનું ભાડું 20 રૂપિયાથી ઘટાડીને 15 રૂપિયા કરવામાં આવ્યું છે. એસ. ટી. તંત્ર દ્વારા કરવામાં આવેલ વ્યવસ્થાઓ અંગે માહિતી આપતાં વિભાગીય

નિયામક કે.એસ. ચૌધરીએ જણાવ્યું કે, માં અંબાના દર્શનાર્થે દૂર દૂરથી પગપાળા આવતાં ભક્તોને પરત ફરવામાં કોઈ પણ તકલીફ ન પડે એ માટે તંત્ર સુસજ્જ છે.

**(બાઇટ- કે. એસ. ચૌધરી-ST)**

બીજી તરફ, સિદ્ધપુર એસ.ટી ડેપો દ્વારા પણ ભક્તોની સુવિધા માટે કુલ 35 બસ ફાળવવામાં આવી છે.

# VISHAV AADIVASI ADHIKAR DIVAS

વિશ્વ આદિવાસી અધિકાર દિવસની આજે રાજ્યના આદિજાતિ વસ્તી ધરાવતા જીલ્લાઓમાં ઉજવણી કરાઇ રહી છે.. વર્ષ 2007માં સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા 13મી સપ્ટેમ્બરને વિશ્વ આદિવાસી અધિકાર દિવસ જાહેર કરાયો હતો.

છોટાઉદેપુર ખાતે થયેલ આ ઉજવણી અંતર્ગત એક યુવા શિબિર યોજવામાં આવી.. જેમાં સમાજના યુવા કાર્યકરો દ્વારા ભારતના બંધારણમાં આદિવાસી સમુદાયને આપવામાં આવેલા વિશેષ અધિકારોની ચર્ચા કરવામાં આવી.. આ ઉપરાંત, આ શિબિરમાં આદિવાસી ખેડૂતોને પ્રાકૃતિક ખેતી કરવાનો અનુરોધ કરાયો હતો.

# CENTRAL TEAM GUJARAT VISIT

રાજ્યમાં વરસાદના કારણે પાકને થયેલા નુકસાનનો સરવે કરવા માટે કેન્દ્ર સરકારની એક ટુકડી રાજ્યની મુલાકાતે આવી છે.

કેન્દ્રની આંતર મંત્રીમંડળ કેન્દ્રીય ટુકડીએ વડોદરામાં નુકસાનીનો તાગ મેળવવા અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. બાદમાં આજવા સરોવર, શહેરના માર્ગો પર પડેલા ભૂવાઓનું નિરીક્ષણ કર્યું અને વિશ્વામિત્રી નદીની પણ સ્થિતિ જાણી હતી.

જામનગરમાં અધિકારીઓએ કેન્દ્રીય ટુકડીને વહીવટીતંત્ર દ્વારા કરાયેલી બચાવ કામગીરી અંગેની માહિતી આપી હતી.

**(બાઇટ- રાજેન્દ્ર રતનુ- કેન્દ્રીય ટુકડીના સદસ્ય)**

આ પહેલા કેન્દ્રીય ટુકડીએ ગઈકાલે મોરબીના માળિયા તથા હળવદ તાલુકાના પૂર અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લઈ પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો.

# POSHAN MAS

રાજ્યના મહિલા અને બાળ કલ્યાણ વિભાગના કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરિયાની અધ્યક્ષતામાં નર્મદા જિલ્લાના એકતાનગર ખાતે ૭મા પોષણ માહની કાર્યશાળા યોજાઈ. કાર્યક્રમ સ્થળે વિવિધ વિભાગો દ્વારા ઊભા કરાયેલા સ્ટોલનું મંત્રીશ્રીએ નિરિક્ષણ કર્યું.. આ પ્રસંગે તેમણે જણાવ્યું કે, રાજ્ય સરકાર દ્વારા આ અભિયાનને વેગવાન બનાવવા રાજ્યના ચાર ઝોનમાં આ કાર્યશાળા થકી મહિલા અને બાળ કલ્યાણની યોજનાઓ જન-જન સુધી પહોંચાડવામાં આવશે.. મંત્રીશ્રીના હસ્તે વિવિધ યોજનાના લાભાર્થીઓને કિટ વિતરણ કરાયું..

કચ્છના વિવિધ તાલુકાઓમાં પોષણમાહની ઉજવણી અંતર્ગત લાભાર્થીઓને વિવિધ પ્રવૃત્તિ દ્વારા આરોગ્ય, રસીકરણ તથા યોજનાઓ વિશે માહિતગાર કરાયા.. તેમજ લાભાર્થી મહિલાઓ તથા આંગણવાડી કાર્યકરોને નારી અદાલત અને ઘરેલું હિંસા, પૂર્ણા યોજના વગેરેની માહિતી આપવામાં આવી..

# SHAH - RAJBHASHA SAMMELAN

કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ આવતીકાલે દિલ્હીમાં યોજાનાર ચોથા અખિલ ભારતીય રાજભાષા સંમેલનના ઉદઘાટન સત્રમાં સંબોધન કરશે. આવતીકાલે હિન્દી દિવસની ઉજવણીના ભાગરૂપે યોજાઈ રહેલાં આ સંમેલનમાં

શ્રી શાહ રાજભાષા ગૌરવ અને રાજભાષા ક્રિર્તી પુરસ્કારો એનાયત કરશે. તેમજ રાજભાષા ભારતીય સામાયિકના હીરક જયંતિ અંકનું વિમોચન કરશે.

ઉલ્લેખનીય છે કે, હિન્દીને સત્તાવાર રાજભાષા તરીકે દરજ્જો મળ્યાને 75 વર્ષ પૂર્ણ થયા તે નિમિત્તે આ સંમેલનનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

# DEHGAM- GANESH VISARJAN ACCIDENT

ગાંધીનગરના દહેગામમાં ગણેશ વિસર્જન દરમિયાન આઠ લોકોના મેશ્વો નદીમાં ડૂબી જવાથી મોત થયા છે. અમારા ગાંધીનગરના પ્રતિનિધી દુર્ગેશ મહેતા જણાવે છે કે, વાસણા સોગઠી ગામની નદીમાં ગણેશ વિસર્જન માટે ગયેલા 10 યુવાનોમાંથી આઠ યુવાનોના મૃતદેહ મળી આવ્યા છે, જ્યારે બીજા બે યુવાનોની ભાળ મેળવવાની કામગીરી ચાલી રહી છે.

# DIU BOXER SELECTION

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગરહવેલી અને દમણ-દીવના બોક્સર સુમિત કુમારની વર્લ્ડ બૉક્સિંગ સ્પર્ધા માટે પસંદગી થઈ છે. સુમિત કુમાર હવે અમેરિકાના કોલોરાડોમાં યોજાનારી પ્રતિષ્ઠિત અંડર- 19 વર્લ્ડ બૉક્સિંગ સ્પર્ધામાં રમશે.

હરિયાણામાં ભારતીય બૉક્સિંગ સંઘ દ્વારા આઠથી 12 સપ્ટેમ્બર દરમિયાન અમેરિકા માટે પસંદગી કરવા સ્પર્ધા યોજવામાં આવી હતી, જેમાં મુક્કેબાજ સુમિત કુમારે 63—67 કિલો વજનવર્ગની રાષ્ટ્રીય સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરતાં તેમની પસંદગી થઈ છે.

# SURAT ZERO SLUM CITY

સુરત શહેરમાં ઝૂંપડપટ્ટી વિસ્તાર 28 ટકાથી ઘટીને સાડા સાત ટકા થયો છે. સુરત મહાનગરપાલિકા દ્વારા અડાજણ ખાતે યોજાયેલા આવાસ યોજનાના મકાનોના કમ્પ્યુટરાઈઝ્ડ ડ્રૉ દરમિયાન કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર.

પાટિલે આ મુજબ જણાવ્યું. તેમણે સહિયારા પ્રયાસથી આગામી સમયમાં સુરત શહેરને ઝૂપડપટ્ટી મુક્ત શહેર બનાવવાની નેમ વ્યક્ત કરી હતી.

શ્રી પાટિલના હસ્તે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત 77.08 કરોડ રૂપિયાના ખર્ચે નવનિર્મિત સુમન આદર્શ અને સુમન નુપુરના 744 આવાસ પૈકી 390 આવાસનો કમ્પ્યુટરાઈઝ્ડ ડ્રો યોજાયો હતો. શિક્ષણ રાજ્યમંત્રી પ્રફૂલ પાનશેરિયા અને વન, પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશ પટેલ આ પ્રસંગે વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.